# <u>મહિલા બાળ પોષણ દિવસ</u>

તારીખ 10/ 8 /2019 ને વાર શનિવાર ના રોજ કિસાન માધ્યમિક વિદ્યાલય માં મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસની ઉજવણી કરી હતી તેમા માધ્યમિક વિભાગની વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકો હાજર રહ્યા હતા. તેમાં અમે વિદ્યાર્થીઓની પોષણ માટે કઈ-કઈ યોજનાઓ બહાર પાડવામાં આવી તેના વિશે માહિતી આપી હતી તથા ગર્ભ મહિલા તથા ધાત્રી મહિલાઓ ને કેવો ખોરાક ખાવો જોઈએ તે વિશે માહિતી આપી હતી તથા આંગણવાડી માં કેટલા થી કેટલા વર્ષના બાળકો લાભાર્થી છે તેના વિશે પણ માહિતી આપી હતી. ગર્ભવતી તથા ધાત્રી મહિલા અને બાળકોના પોષણ માટે દરેક આંગણવાડીમાં પોષ્ટિક આહાર તથા માં પહેલા નું દૂધ કેટલો ઉપયોગી છે તેના વિશે માહિતી આપી હતી. કુપોષિત બાળકો તથા મહિલાઓને કેવા પ્રકારનો ખોરાક ખાવાથી કુપોષણ દૂર થાય છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી .

